# જાહેરાત

અત્રેની મેડીકલ કોલેજ, વડોદરા ખાતે આગામી ૩૧ મો લેબોરેટરી ટેકનીશ્યન અને એક્ષ રે ટેકનીશ્યન તાલીમ અંગેનો કોર્ષ ચાલુ કરવાનો હોઇ સદરહુ તાલીમ કોર્સમાં જોડાવા ઇચ્છતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. દરેક ઉમેદવારે લેબોરેટરી ટેકનીશ્યન અને એક્ષ-રે ટેકનીશ્યન બંનેમાંથી કયા કોર્ષમાં દાખલ થવા ઇચ્છો છો તે મુજબ કોર્ષનું નામ અરજીમાં દર્શાવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો. જો બંન્ને કોર્ષમાં અરજી કરવાની ઇચ્છા ધરાવતા હોય તેવા ઉમેદવારે બંન્ને કોર્ષ માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે. આ કોર્સમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવાર નીચે જણાવેલ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

| | |
|---|---|
| લેબોરેટરી ટેકનીશ્યન તાલીમકોર્ષ:- | માન્ય યુનીર્વસીટીમાં બી.એસ.સી.પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. (માઇક્રોબાયોલોજી અથવા બાયોકેમીસ્ટ્રી વિષય સાથે પાસ કરેલ હશે તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે. |
| એક્ષ રે ટેકનીશ્યન તાલીમ કોર્ષ:- | માન્ય યુનિર્વસીટીમાં બી.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ (ફિઝીક્સ વિષય સાથે પાસ કરેલ હશે તેને પ્રથમ પંસગી આપવામાં આવશે.) |
| વય મર્યાદા | બન્ને તાલીમ કોર્ષ માટે (અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધી)વયમર્યાદા ૨૫ વર્ષ થી વધુ હોવી જોઇએ નહિ.(અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત અને અન્ય અનામત લાગુ પડતાં ઉમેદવારો માટે સરકારી નિયમો મુજબ છુટછાટ આપવામાં આવશે.) |
| જન્મ તારીખ:- | SC, ST, SEBC કેટેગરીના ઉમેદવાર માટે તા.૧૩/૦૭/૧૯૮૮ અને OPEN કેટેગરીના ઉમેદવાર માટે તા.૧૩/૦૭/૧૯૯૩ જન્મ તારીખ પહેલાની અરજી સ્વીકારવામાં આવશે નહિ. |

પ્રવેશ માટેની પ્રક્રિયા સરકાર દ્વારા તાજેતરમા પ્રસિધ્ધ કરાયેલ અનામત સંબધીમાં પરિપત્રોની જોગવાઇ પ્રમાણે જ કરવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવારને અત્રેની કોલેજમાં તાલીમ આપતા વિભાગોમાં પુરા સમય માટે તાલીમ લેવાની રહેશે. તાલીમના સમય દરમ્યાન કોઇપણ જાતનું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવશે નહિ. તેમજ રહેઠાણની સુવિધા આપવામાં આવશે નહિ. તાલીમનો સમય પુરો થશે એટલે નિયમ મુજબ પરીક્ષા પસાર કરવાની રહેશે.

## અરજીનો નમુનો

| | | | |
|---|---|---|---|
| ૧) | જે કોર્ષ માટે અરજી કરવાની હોય તેનું નામ | : | |
| ૨) | ઉમેદવારનું નામ (અટક પ્રથમ લખવી)<br>ગુજરાતીમાં<br>અંગ્રેજીમાં | : | |
| ૩) | જન્મ તારીખ | : | |
| ૪) | જાતિ | : | |
| ૫) | પત્ર વ્યવહારનું સરનામું | : | |
| ૬) | કાયમી સરનામું | : | |

| પરીક્ષા વિષય સાથે | યુનિર્વસીટી પરીક્ષા પાસ થયાનું વર્ષ | મુખ્ય વિષય | કુલ મેળવેલ માર્ક્સ | પ્રયત્ન | ટકા |
|---|---|---|---|---|---|
| | | | | | |

અરજદારની સહી:

બી.એસ.સી. પરીક્ષામાં અન્ય વિષય અને માર્ક્સ :-

ઉપર મુજબના નમુના પ્રમાણેની અરજી જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે ડીનશ્રી, મેડીકલ કોલેજ, વડોદરાને <u>તા.૧૩/૦૭/૨૦૧૮</u> ના રોજ સાંજે <u>૬.૦૦ *કલાક*</u> સુધીમાં મળે તે રીતે મોકલી આપવી. મુદ્દત બાદ મળેલ અરજી, અધુરી વિગતવાળી અરજી, જરૂરી પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તથા સહી વિનાની અરજી આપો આપ રદ થવાને પાત્ર ગણાશે. જેની કોઇપણ ઉમેદવારને જાણ કરવામાં આવશે નહિ. તેમજ <u>ઇન્ટરવ્યુ માટેની તારીખ</u> લાયક ઉમેદવારને કોલ લેટર દ્વારા જણાવવામાં આવશે તેમજ મેડીકલ કોલેજ, બરોડાની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે. ઉમેદવારે ઇન્ટરવ્યુમાં નીચે જણાવેલ તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે.

અરજી સાથે બિડાણ કરવાના પ્રમાણપત્રો:-

૧) બી.એસ.સી.ની માર્કશીટ/એટેમ્પ્ટ સર્ટીફીકેટ, ૨) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, ૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે જાતિ અંગેનો દાખલો, ૪) એસ.ઇ.બી.સી.ના ઉમેદવારો માટે નોન ક્રીમીલીયરનું માન્ય પ્રમાણપત્ર

જાહેરાત મેડીકલ કોલેજ બરોડાની વેબસાઈટ:- www.medicalcollegebaroda.edu.in પર પણ ઉપલબ્ધ છે.

સ્થળ:- વડોદરા
તારીખ: ૧૫/૦૬/૧૮

ડીન
મેડીકલ કોલેજ, વડોદરા

Scanned by CamScanner